કેનાલોની ખખડધજ હાલત અને જાળવણીના અભાવે ખેતરો સુધી પાણી પહોંચતું નથી

જેતપુરપાવી તાલુકાના ખેડૂતો સિંચાઈના પાણી માટે વલખાં મારી રહ્યા છે

સુખી જળાશય નજીકના ખેડૂતોને જ સિંચાઈનું પાણી ન મળતાં ઉભા પાકને નુકસાન થવાની ભીતિ

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.31

છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી તાલુકાના ખેડૂતો હાલ સિંચાઈના પાણીની સમસ્યાને લઈને મુશ્કેલીમાં મુકાયા છે. તાલુકાના અનેક ગામોમાં ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ન મળતાં ખેતીના ઉભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

ખાસ કરીને વાત કરીએ તો સુખી જળાશય નજીકના વિસ્તારોમાં આવેલા ખેડૂતોને પણ સિંચાઈનું પાણી મળતું નથી. જેના કારણે ખેડૂતોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર કેનાલમાં પાણી છોડવામાં આવે છે, પરંતુ કેનાલોની ખખડધજ હાલત અને યોગ્ય જાળવણીના અભાવે પાણી ખેતરો સુધી પહોંચી શકતું નથી. પરિણામે ખેડૂતોને સિંચાઈ માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

જેતપુરપાવી તાલુકાના ઉંમરવા વિસ્તારના ખેડૂતોના જણાવ્યા પ્રમાણે 150/200 એકર જમીન મા દિવેલાના ઉભા પાકને પણ પાણીના અભાવે નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે.

હવે ખેડૂતો દ્વારા સિંચાઈ વિભાગ અને સંબંધિત તંત્ર સમક્ષ કેનાલોની યોગ્ય મરામત કરાવી ખેતરો સુધી પૂરતું પાણી પહોંચાડવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. સમયસર પાણી નહીં મળે તો ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવી શકે છે. તંત્ર દ્વારા ખેડૂતોની આ સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવામાં આવે તે જરૂરી બન્યું છે.

શૌચાલયોની જાળવણીના અભાવે મહિલાઓને ભારે હાલાકી

ડભોઈના બજારમાં ધૂળ-ગંદકીથી વેપારીઓ પરેશાન, મહિલાઓ માટે શૌચાલયની સુવિધાની માંગ સાથે દેખાવો

(પ્રતિનિધિ) ડભોઈ, તા.31

ડભોઈ શહેરના મુખ્ય બજારોમાં સફાઈના અભાવ અને મહિલાઓ માટે શૌચાલયની યોગ્ય સુવિધા ન હોવાને લઈને વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આ સમસ્યાના નિરાકરણ માટે એક માસ અગાઉ મૌખિક રજૂઆત કરવા છતાં પાલિકા તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં ડભોઈ વેપારી મહાજન મંડળે ટાવર ચોક ખાતે એકત્ર થઈ સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો.

ડભોઈના મુખ્ય માર્ગો પર સફાઈના અભાવે ધૂળ અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ભરચક બજારોમાં વાહનોની અવરજવરથી ધૂળની ડમરીઓ ઊડતાં વેપારીઓ,

ગ્રાહકો અને નગરજનોને ફરજિયાત માસ્ક પહેરવાની સ્થિતિ સર્જાઈ છે. દિવાળીના તહેવાર દરમિયાન બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ ઉમટી રહી છે, ત્યારે આ સમસ્યા વધુ ગંભીર બની છે.

નોંધનીય છે કે નગરપાલિકા દ્વારા રૂ.45 લાખના ખર્ચે સ્વીપર મશીન વસાવવામાં આવ્યું હોવા છતાં રસ્તાઓની સફાઈ થતી નથી. રસ્તાઓની ખરાબ હાલત, પ્લાસ્ટિક અને રોજિંદા કચરાના કારણે સ્વચ્છતાના દાવાઓ સામે સવાલો ઊભા થયા છે.

બીજી તરફ, શહેરમાં શૌચાલયો હોવા છતાં જાળવણી માટે કોઈ એજન્સી કોન્ટ્રાક્ટ લેવા તૈયાર ન હોવાથી મહિલાઓને લઘુશંકા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આથી વેપારી મહાજન મંડળે બજારોમાં નિયમિત સફાઈ અને મહિલાઓ માટે સુવિધાયુક્ત શૌચાલયની વ્યવસ્થા કરવાની માગ કરી છે.

પાદરાના વણછરા અને ભાણપુરમાં નવનિર્મિત આંગણવાડીઓ ખુલ્લી મુકાઈ

ગુજરાતમાં ૪,૩૯૧ આંગણવાડીઓના લોકાર્પણ-ખાતમુહૂર્તનો રાજ્યવ્યાપી કાર્યક્રમ

(પ્રતિનિધિ) શિનોર, તા. 31

ગુજરાત રાજ્યમાં 4,391 આંગણવાડી કેન્દ્રોના ખાતમુહૂર્ત અને લોકાર્પણના રાજ્યવ્યાપી કાર્યક્રમનું આયોજન વડાપ્રધાનના હસ્તે બનાસકાંઠા ખાતેથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પાદરા ઘટકનાં છેવાડાનાં ગામો વણછરા અને ભાણપુર ખાતે નવનિર્મિત આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મહિલા અને બાળ સમિતિના ચેરમેન રાજવીરભાઈ પરમાર તથા સ્થાનિક સરપંચોના હસ્તે બંને આંગણવાડી કેન્દ્રો ખુલ્લાં

મૂકવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર સાવિત્રી નાથજી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. નવનિર્મિત આંગણવાડી કેન્દ્રોથી ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને પોષણયુક્ત આહાર, આરોગ્ય સંભાળ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની સુવિધા મળશે. ઉપરાંત સગર્ભા અને ધાત્રી માતાઓને પણ સરકારી યોજનાઓનો લાભ મળી શકશે. ખાસ કરીને છેવાડાનાં ગામોમાં આંગણવાડીની નવી સુવિધા શરૂ થતાં બાળકો અને મહિલાઓને લાભ મળશે.

ચોકારી ફતેપુરામાં ખેતરના રસ્તા બાબતે મહિલાને માર માર્યો

(પ્રતિનિધિ) પાદરા, તા. 31

પાદરા તાલુકાના ચોકારી ફતેપુરા ગામે ખેતરમાં આવવા-જવાના રસ્તા બાબતે થયેલા વિવાદમાં મહિલાને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, ગામમાં રહેતાં મીનાબેન પરમારને ખેતરના રસ્તા બાબતે મુકેશભાઈ મંગળભાઈ ગોહિલ સાથે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ઉશ્કેરાયેલા મુકેશભાઈએ ગાળાગાળી કરી મીનાબેનના કપાળના ડાબા ભાગે માર મારતાં સામાન્ય ઈજા પહોંચી હતી. ઉપરાંત તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે મીનાબેને વડુ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે મુકેશભાઈ ગોહિલ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શિનોરમાં બે આંગણવાડીનું લોકાર્પણ અને એકનું ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) શિનોર, તા. 31

વડોદરા જિલ્લામાં 130 આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમ અંતર્ગત શિનોર ખાતે બે આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ અને એકનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપના કોષાધ્યક્ષ સચિનભાઈ પટેલ અને ઉપસરપંચના હસ્તે આ કાર્યક્રમ યોજાયો હતો.

શિનોરના આદિવાસી વસ્તી ધરાવતા ટીમ્બા વિસ્તાર અને મુસ્લિમ વસ્તી ધરાવતા ખોખરવાડ વિસ્તારમાં આવેલી બે આંગણવાડીનું લોકાર્પણ કરાયું હતું, જ્યારે દેવીપૂજક સમાજની વસ્તી ધરાવતા વણઝારી વિસ્તારમાં નવી આંગણવાડીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્યો કલ્પેશ વસાવા, પ્રમોદ

વસાવા, જિલ્લા લઘુમતી મોરચાના અમીન મેમણ, જુબેલ મેમણ, આઈસીડીએસના તસ્લીમબેન, આંગણવાડી કાર્યકરો, તેડાગર, વાલીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

સચિનભાઈ પટેલે જણાવ્યું હતું કે આંગણવાડી કેન્દ્રો દ્વારા બાળકોને પોષણયુક્ત આહાર, આરોગ્ય તપાસ અને પ્રારંભિક શિક્ષણ સહિતની સુવિધાઓ મળશે. નવા મકાન મળતાં બાળકોમાં ખુશી જોવા મળી હતી. લોકાર્પણ પ્રસંગે આંગણવાડીને ફૂલો, ફુગ્ગા અને રંગોળીથી શણગારવામાં આવી હતી.

પાદરાના ચોકારી ગામે સાપ કરડતાં ૧૯ વર્ષીય યુવતીનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા. 31

પાદરા તાલુકાના ચોકારી ગામે ઘરે સફાઈકામ કરતી વખતે ઝેરી સાપ કરડતાં 19 વર્ષીય યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ, ચોકારી ગામે ધનઈ તલાવડી વિસ્તારમાં રહેતા ગોરધનભાઈ ગોહિલની 19 વર્ષીય પુત્રી સંગીતાબેન ગોહિલ ગત રોજ પોતાના ઘરે સફાઈકામ કરી રહી હતી. તે દરમિયાન અચાનક તેના જમણા હાથના પંજા પર ઝેરી સાપે ડંખ માર્યો હતો. સાપ કરડતાં યુવતીને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજતાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી.

બે મહિનામાં ત્રીજી વખત ચાપરગોટામાં દીપડો પાંજરે પુરાયો, ગ્રામજનોને રાહત

જબુગામ નજીક આવેલા ચાપર ગોટા ગામમાં વન વિભાગની કામગીરી સફળ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 31

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ નજીક આવેલા ચાપર ગોટા ગામમાં વન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં વધુ એક દીપડો ઝડપાયો છે. ખાસ વાત એ છે કે છેલ્લા બે મહિનામાં આ જ ગામમાંથી ત્રીજી વખત દીપડો પાંજરે પુરાયો છે. જબુગામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાઓની અવરજવર અને અવારનવાર દેખા દેવાની ઘટનાઓ સામે આવી રહી છે. ચાપર ગોટા ગામમાં વારંવાર દીપડાની

હાજરી જોવા મળતા ગ્રામજનોમાં ભય અને ચિંતાનો માહોલ સર્જાયો હતો. દીપડાની અવરજવરને ધ્યાનમાં રાખીને વન વિભાગ દ્વારા ગામમાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું, જેમાં વધુ એક દીપડો ઝડપાયો હતો. બે મહિનાના ટૂંકા ગાળામાં એક જ ગામમાંથી ત્રણ દીપડા પાંજરે પુરાતા સ્થાનિક ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, જબુગામ સહિત આસપાસના વિસ્તારોમાં દીપડાઓની સતત અવરજવરને પગલે વન વિભાગ દ્વારા વધુ તકેદારી રાખવામાં આવે અને ગ્રામજનોની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

છોટાઉદેપુરના સાત તાલુકા શિક્ષક સંઘના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ

(પ્રતિનિધિ) બોડેલી, તા.31

છોટાઉદેપુર શહેરના નગરપાલિકા ઓડિટોરિયમ હોલ ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, છોટાઉદેપુર તેમજ જિલ્લાના સાત તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘોના નવનિયુક્ત હોદ્દેદારોનો ભવ્ય શપથવિધિ સમારોહ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિક્ષકો, શિક્ષક આગેવાનો અને સંઘના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સમારોહ દરમિયાન છોટાઉદેપુર જિલ્લા ઉપરાંત છોટાઉદેપુર, બોડેલી, કવાંટ, પાવીજેતપુર, નસવાડી, કદવાલ અને સંખેડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના નવા ચૂંટાયેલા તેમજ નિયુક્ત હોદ્દેદારોએ શપથ ગ્રહણ કર્યા હતા. તમામ હોદ્દેદારોએ સંઘના બંધારણનું પાલન કરવા, શિક્ષકોના હિતોનું રક્ષણ કરવા અને શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

સાવલીના દોડકામાં સબસિડીવાળા યુરિયા ખાતરની કાળાબજારીનો પર્દાફાશ

એક આરોપીની ધરપકડ, અન્ય ત્રણને ઝડપી પાડવા પોલીસની તપાસ

(પ્રતિનિધિ) સાવલી, તા.31

સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથકની હદમાં આવેલા દોડકા ગામે ખેડૂતો માટેના સબસિડીવાળા નીમ કોટેડ યુરિયા ખાતરને ગેરકાયદે રીતે પેકિંગ કરી ઊંચા ભાવે વેચવાના કૌભાંડનો જિલ્લા એલસીબીની ટીમે પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે દરોડો પાડી પોલીસે 138 થેલી ખાતર, આઈસર ટેમ્પો સહિત કુલ રૂ.5,78,580નો મુદ્દામાલ જપ્ત કરી એક શખસની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, દોડકા ગામે સરકારી સબસિડીવાળા યુરિયા ખાતરને અન્ય થેલીઓમાં ભરી ઊંચા ભાવે વેચવાનું ષડયંત્ર ચાલતું હોવાની બાતમી એલસીબીને મળી હતી. જેના આધારે ટીમે દરોડો પાડતાં માર્કા વગરની આશરે 45 કિલો ખાતર ભરેલી 138 સફેદ થેલીઓ, સરકારી લખાણવાળી 84 પીળી થેલીઓ, 96 ખાલી પીળી થેલીઓ, સિલાઈ મશીન, બેટરી અને આઈસર ટેમ્પો મળી આવ્યો હતો. પોલીસે ભાદરવા બજાર લાઇનમાં રહેતા સાહિલ ફારુકભાઈ વોરાની ધરપકડ કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં આ ખાતરનો જથ્થો ધર્મજના ગાંધી ચોક ખાતે આવેલા એગ્રી બિઝનેસ સેન્ટરમાંથી ખરીદ્યો હોવાનું સામે આવ્યું છે.

ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પુરૂષાર્થ
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

N.A. (મલ્ટીપર્પસ) જગ્યા 24,101 ચો.મી. લાંબા સમય માટે ભાડે આપવાની છે ઝઘડીયા G.I.D.C.થી એક કિ.મી. રોડ ટચ : સંપર્ક : 98251 17876

નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 સ્કવેરફુટ જગ્યા ભાડે આપવાની છે પાર્કિંગ લીફટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય 9898041152

વેચવાનો છે પ્લોટ Industrial G.I.D.C. ALLOTTED 1500 ચોરસમીટર હાલોલ-2 JCB Company ની સામે. Mo.9979377444

પ્લોટ વેચવાનો છે વેદમ વિલા, ઓખા-દાંડી રોડ SMCની હદમાં 118 - વાર કોર્નરનો પ્લોટ કિંમત ₹55 લાખ યુનિકોર્ન પ્રોપર્ટીઝ મો.9327088959

વેચવાની છે જગ્યા ફુવરદા ગામ (કીમ પાસે) 3532 વાર શેડ 8000 sq.ft. 22 feet height બોઈલર શેડ 800 sq.ft. RCC ઓફિસ 1600 sq.ft. કારીગરોની રૂમ સીક્યુરીટી કેબીન 100 KW પાવર 9825511699

2 BHK ફ્લેટ વેચાણ માટે સોલિટેર રેસીડેન્સી, ઉગત રોડ, જહાંગીરાબાદ, ત્રીજો માળ. સુપર બિલ્ટ-અપ વિસ્તાર, 1090 Sq.Ft. કાર્પેટ એરિયાઃ 721 Sq. Ft. મેઇન રોડ સ્પર્શ બિલ્ડીંગ, આગામી મેટ્રો સ્ટેશન સુધી ચાલવા યોગ્ય અંતર. 9974403278

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર, રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

કબૂતર, મચ્છર જાળી ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

PRESIDENT PEST CONTROL 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

લાઈફ હિંચકાના કડાં, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222282, 8460222292 (12346)

જુના સામાન લેવામા આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 (12350)

જુનુ AC વેચવુ છે? સારી કિંમત નથી મળતી ? ચિંતા કરવાની કોઈ જરૂર નથી આવો અમારી પાસે અને મેળવો તમારા જુના ACનો શ્રેષ્ઠ ભાવ. જુનુ AC ચાલુ કે બંધ હાલતમાં લેવામાં આવશે. સારાભાવની ખાતરી માટે આજે જ સંપર્ક કરો. Mo. 9316100413 (12351)

ઘરબેઠા તાત્કાલિક LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, DVD, હોમથિયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (12356)

લગન વિષયક

યુવક 1991 માટે, સર્વ જ્ઞાતી યુવતી આવકાર્ય Contact 9825121702 9727712933 (12341)

મિલ્કત વેચવાની છે

સ્વાતી સોસાયટી (ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001 (11416)

2.15 વિંઘા ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ. Mo. 9687580001 (11417)

વેચવાની છે જમીન સોલાર લાયક (93 વિઘા) ગામઃ કાળા વ્યારા, કણજા 9687580001 (11419)

NA Plan Pass 12 વિંઘા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) 9687580001 (11418)

ગૌરવપથ ઉપર રોડ કોર્નરના પ્લોટ વેચાણથી આપવાના છે. Mo. 7435035156 (12003

કોમર્શિયલ ઓફિસ વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા,સુરત ખાતે રેડી-ટુ-મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો.ફૂટ ઓફિસ નં. 403: 2436 ચો.ફૂટ સુવિધાઓઃ ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઈન નજીક. સંપર્કઃ 9726009242 (11502)

ઓલપાડ જય સાંઈનાથ રેસીડેન્સી માં રોડ ટચ દસ્તાવેજવાલા ઓપન પ્લોટ વેચવાના છે Contact 9825121702/ 9727712933 (12342)

2 BHK ફ્લેટ વેચવાનો છે રાજહંસ કેમ્પસ, પાલમાં. WhatsApp 9978936979 (12337)

મોજે મોરા ગામ વિજયા લક્ષ્મી વાટિકા સોસાયટી મા 03+02 પ્લોટ બાંધકામ સાથે વેચવાના છે, ગ્રાઉન્ડ +3 નું બાંધકામ 31+23 રૂમ સ્વતંત્ર ટોઈલેટ અને બાથરૂમ ની સુવિધા સાથે, આર સી સી રોડ, ગટ્ટર, અંડર ગ્રાઉન્ડ ઈલેક્ટ્રિક કનેક્શન, મીઠા પાણીની ટાંકી, લોઅનેબલ ટાઈટલ ક્લીઅર અને અદ્યતન સુવિધા સાથે. M. 9327615071 (395)

ફ્લેટ વેચવાનો ગેસ લાઈન બીજા માળે દસ્તાવેજ ૧૨ લાખ અનાવિલ શેરી. સગરામપુરા 8488968543 (12336)

પ્લોટ, બંગલો, ફ્લેટ લેવા વેચવા ઘોડદોડ, સિટીલાઈટ, પીપલોદ, પાર્લે પોઈન્ટ, વેસુ, મહિધરપુરા, ડુમસ 98792760763 (12338)

વકીલ, CA, આર્કીટેક, ટ્રાવેલ્સ લાયક ઓફિસ વેચવાની પાર્લે પોઈન્ટ 9879276073 (12339)

અડાજણ T.P 10 માં 1890 સ્કેફિટનો ફ્લેટ વેચવાનો. 9601662923 (12349)

વેચવાનું છે બંધ રેસ્ટોરન્ટનું સંપૂર્ણ કિચન ઈક્વિપમેન્ટ અને ફર્નિચર, રેસ્ટોરન્ટ લાઈક સંપૂર્ણ સેટ અપ વેચાણથી આપવાનું છે પીપલોદ, સુરત. સંપર્કઃ 9825630561 (390)

વેચવાનું છે કોર્મશીયલ લાયક (Textile) રાજહંસ ઈમ્પીરીયાની પાછળ કોહીનુર માર્કેટ પાસે 225 વાર, 7048845000 (391)

V. R. INDI, પ્લોટ વેચવાનો છે. ડાયમંડ- 3 પાછળ પલસાણા, 34X100- 7048845000 (392)

પ્લોટ વેચવાનો છે 1000 વાર કસબાપાર નવસારી- 7048845000 (393)

એના હેરીટેજમાં પ્લોટ વેચવાનો છે. 516 વાર ક્રિકેટ ગ્રાઉન્ડ સામે એનાગામ- 7048845000 (394)

વેચવાના છે રો- હાઉસ ઓલપાડ- સાયણ રોડ પર (રોડ ટચ) Block No. 4 386, 387 (કોર્નર + ગ્રાઉન્ડ) આરજો મારજો કરવામા આવશે. 9925055555 (12352)

વેચવાની છે 2.5 વિઘા જમીન મોરાભાગવા ઓલપાડ (રોડ ટચ) આરજો મારજો કરવામા આવશે. 9925055555 (12353)

નોકરી વિષયક

પરચુરણ કામ માટે માણસ જોઈએ છે વેસુ વિસ્તારમાં સમય સવારે 6 થી 9 9574776314 (12335)

રસોઈ બનાવા માટે બહેન /મહારાજ અડાજણ વૃદ્ધાશ્રમમાં જોઈએ છે. 9979054855 (396)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

મામાદેવ ટ્રાવેલ્સ ઉજ્જૈન- ઓમકારેશ્વર. 11/11, કચ્છ-ભુજ. 16/11. દ્વારકા- સોમનાથ. 16/11. જમવા સાથે, સ્લીપર બસ. -9099733775 (12347)

આશાપુરી 23/11. પૂનમ, ડાકોર, અંબાજી, સુન્ધામાતા, આબુ, શ્રીનાથજી 30/11. જગ્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, બૈજનાથ 24/12. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ. 24/12. 9426741783 (12344)

સ્વપ્ન ટ્રાવેલ્સ 53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, (ફક્ત 5 સીટ બાકી) અને 24/ 11 (ફક્ત 7 સીટ બાકી) (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુક્તિનાથ. તારીખ- 24/ 12, દિવસ-12. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, બ્રેક ફાસ્ટ, લંચ, ડીનર સાથે, મળોઃ દિપકભાઈ બોડીવાલા- 9825144143, કિશનભાઈ- 9898700934. (12345)

ઓમશિવ ટ્રાવેલ્સ બેસતુવર્ષ 10, 12, 17, (કચ્છ, માંડવી, સફેદરણ, રોડટુ હેવન, મોગલધામ) (ઉદેપુર, જયપુર, ચિત્તૌડગઢ, માઉન્ટઆબુ, શ્રીનાથજી) (જોધપુર, જેસલમેર, રામદેવરા) (મહાબલેશ્વર, લોનાવાલા) (નાસિક, શીર્ડી, સપ્તશ્રુંગી) (સારંગપુર, વિરપુર, ચોટીલા, મોઢેરા, અંબાજી) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997 (12348)

પ્રથમ ટ્રાવેલ્સ દિવાળી પ્રવાસ. રોયલ રાજસ્થાન, ખાંટુશ્યામ, સાંવરિયા શેઠ, સાલાસર, બાલાજી, જેસલમેર, ગોવા, મહાબળેશ્વર. વિજય પારેખ. કતારગામ. 9825344459. (12343)

ગોવા 6 દિવસ 9, 11, 17 નવેમ્બર. સારંગપુર, વીરપુર, સોમનાથ, દીવ દ્વારકા 3- દિવસ. સફેદ રણ કાળો ડુંગર, ભુજ, માંડવી, અંજાર, માતાનો મઢ. 3- દિવસ. 11, 15 નવેમ્બર. જયેશ ભટ્ટ. 9909888622. (12340)

મિલ્કત ભાડેથી

ભાડે આપવાના છે 2 ફ્લેટ 3 BHK જહાંગીરાબાદ ડી- માર્ટની બાજુમા રોડ સાઈડ Mo. 9227500420 (12354)

ઓફિસ ભાડેથી આપવાની છે 1200 ચોરસ ફૂટ કારપેટ ગ્રાઉન્ડ ફ્લોર પર અઠવાગેટ સર્કલ ઉપર કોમર્શીયલ હેતુ માટે Call:

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.